


## સલામી સવારની..

*'ટાઈમ' પાને પ્રયત્નપૂર્વક છપાઈ જવું છે,*
*ને ગાંધી ચરખે ચઢી વિશ્વમાં છવાઈ જવું છે,*
*છવાઈ જવું છે વિશ્વમાં 'સૌથી મોટું' ના ગર્વે*
*'મિત્રા'ની પીઠ પાછળ ઘા કરી છૂપાઈ જવું છે...*

હાઈકુ

*ઠલવાય છે*
*'ઉતાર' 'ભાજપ'માં*
*કચરા પેટી?!*

*ઠંડીમાં પણ,*
*ઠુંઠવાતું નગર -*
*નંબર વન...*

*(એન ડી તિવારી, ભલે પધાર્યા)*

### ચિંતન

**નાના કર્મ ધર્મ બ્રત દાના, સંજય દમ જપ તપ મખ નાના ।**
**ભૂત દયા દ્વિજ ગુર સેવકાઈ, બિદ્યા બિનય બિબેક બડાઈ ॥**

ઉપરોક્ત ચોપાઈ ઉત્તરકાંડમાંથી લેવાયેલ છે.

સર્વ પ્રકારનાં ધર્મ, કર્મ, વ્રત, દાન, સંયમ, દમ, જપ, તપ, વિવિધ યજ્ઞ, દયા, ગુરુની તથા દ્વિજની સેવા, વિદ્યા, વિનય, વિવેક, વડાઈ વગેરેના પાલનનું એ જ એક ફળ છે - શ્રી હરિભક્તિની પ્રાપ્તિ.

માણસને સદાય સુખ-શાંતિ આપતું ભક્તિમય જીવન મળે તો નિર્લેપ રહી પ્રભુભજન થઈ શકે અને નિષ્પાપ કર્મ-પ્રવૃત્તિમાં જીવન પસાર થઈ જાય - પણ ઘણા લોકો ઈચ્છે તો પણ સત્સંગ - કથા - ભક્તિમાં પ્રવૃત્ત થઈ શકતા નથી.

'ભક્તિ' - એ ઈશ્વરની કૃપા છે અને સત્કર્મ, ધર્મ - વ્રત - ઉપવાસ, દાન અને સંયમી જીવન દ્વારા જપ-તપ દ્વારા મળે છે. ગુરુની સેવા દ્વારા જ વિનય-વિવેક મળે છે.

### સુવિચાર

- જિંદગી ઈયરફોનના વાયર જેવી છે, ગમે તેટલી સાંચવો તો યે ગુંચ તો પડવાની જ - **અંકિત ત્રિવેદી**
- અજબ નળીઓ ગોઠવી છે ખુદાએ આ દેહમાં, ભરાય દિલ અને છલકાય આંખથી - **હેમંત પૂણેકર**
- સમયના પ્રવાહને અનુરૂપ વહીયે નહીં તો કોહવાઈ જઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- 'શાંતિનો મહાસાગર' ઘરમાં જ હિલ્લોળે ચડ્યો હોય છે ને માણસો મોબાઈલનું ખાબોચિયું ઉલેચતો ફરે છે - **કાજલ ઓઝા**
- સત્ય નો સ્વીકાર અંતે સુખની મંઝીલ સુધી પહોંચાડે છે - **કાંતિ ભટ્ટ**
- શબ્દો અને મૌન પ્રાર્થનાના જ બે રંગ છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધસમસતા નીરના વહેણ જોઈને હાથમાં ટમટમતા દીવાની જાત પરથી વિશ્વાસ ખોઈ ના બેસાય - **ફેસબુક**
- આજનું ઔષધ : દાંતના દુઃખાવામાં તલના તેલમાં સંચળ પાઉડર મેળવી સવાર-સાંજ દાંતે ઘસવાથી રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

સાચા સાધુ-સંતો ધન-દૌલત-સમૃદ્ધિથી સદાય અલિપ્ત જ રહેતા હોય છે એમને મોંઘાં આભૂષણો પ્રત્યે પણ કોઈ લગાવ હોતો નથી. શીખ શિરોમણિ સંત નાનકદેવ આવા જ નિર્લેપ - તટસ્થ સંત હતા.

એક ગુરુદેવ નદી કાંઠે બેસી શાંતિથી એકધારાં વહેતા નદીઓ અસ્ખલિત પ્રવાહ જોઈ રહ્યા હતા ત્યારે એક નવા નવા શિષ્યએ ગુરુદેવ પાસે આવી હીરામોતીથી જડેલાં બે કડાં ચરણ પાસે મૂક્યાં અને કહ્યું ગુરુદેવ ! 'મારી આ અલ્પ ભેટનો સ્વીકાર કરો.'

ગુરુદેવ એક કડું હાથમાં લીધું - આડુઅવળું ફેરવ્યું અને નદીના પ્રવાહ વચ્ચે ફેંક્યું - શિષ્ય તો આશ્ચર્યપૂર્વક ગુરુદેવની આ લીલા જોઈ જ રહ્યો - કહ્યું ગુરુદેવ કડું ખૂબ કિંમતી ફેંક્યું એ મને બતાવો તો હું તરત ડૂબકી મારી શોધી આવું!

ગુરુદેવ બીજું કડું ઉપાડ્યું અને અને ફેંકતા કહ્યું - જો બરાબર આ જગ્યાએ જ ફેંક્યું છે.

શિષ્ય ગુરુદેવની નિસ્પૃશ્યતા જોઈ જ રહ્યો.

# વિપક્ષોને અનાયાસ ઉપલબ્ધ થયેલો અનામત - મુદ્દો

**તંત્રીસ્થાનેથી...**

અનામત નીતિ વિરુદ્ધ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિરષ્ઠ નેતા મનમોહન વૈદ્યે જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં કરેલું નિવેદન ભારતીય જનતા પાર્ટી માટે શિરોવેદના સર્જનારું સાબિત થઈ શકે છે. અગાઉ આવું જ નિવેદન આરએસએસના વડા મોહન ભાગવતે કરેલું, જેનો લાભ બિહારની ચૂંટણી ટાણે નીતીશ-લાલુના ગઠબંધને ભરપૂર પ્રમાણમાં મળ્યો હતો. આરએસએસની વરિષ્ઠ નેતાગીરી શું આટલી સાદી બાબત નહીં સમજતી હોય? મોહન ભાગવતે તે વખતે પોતાનું નિવેદન મારીમચડીને રજૂ કરાયું હોવાનું અને જયાં સુધી સંપૂર્ણ સમરસતા ન કેળવાય ત્યાં સુધી આવા વાર્ગો માટે અનામતની જોગવાઈ યોગ્ય હોવાનું જણાવી ટાઢું ટીપવા કોશિશ કરી હતી. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોતે પછાત વર્ગમાંથી આવતા હોવાનું જણાવી બાબાસાહેબ આંબેડકર દ્વારા દેશને સમર્પિત કરાયેલ બંધારણ એ જ આપણો ધર્મગ્રંથ - એ મતલબનાં વિધાનો કરવાં પડ્યાં હતાં. વફાદારી તો માત્ર અને માત્ર બંધારણ સાથે, એટલે એની સાથે ચેડાં કરવાનો કે અનામત નીતિ વિશે ફેરવિચારણા કરવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો એવી હૈયાધારણ દેશના વડાપ્રધાનના સ્વમુખેથી મળ્યાં છતાં પ્રજાએ વિપક્ષી પ્રચારની અસરમાં ભાજપને જાકારો આપી જબરદસ્ત લોકચુકાદો આપ્યો હતો. હવે જયારે ઉત્તરપ્રદેશ, પંજાબ તથા અન્ય રાજયોની ચૂંટણી પ્રક્રિયા ચાલુ થઈ ગઈ છે ત્યારે બરાબર ગ્રહણ ટાણે જ સાપ કાઢતા હોય એમ આરએસએસના વરિષ્ઠ નેતાએ અનામત મુદ્દે કરેલું નિવેદન વડાપ્રધાન મોદીથી લઈ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સુધીના નેતાઓ ઉપરાંત ખુદ આરએસએસના વડા મોહનભાગવત માટે ગળાની ફાંસ બની રહેશે જયારે અનામત સમર્થક વિપક્ષી નેતાઓ, વિશેષપણે ઉત્તરપ્રદેશની સપા-બસપા જેવી પાર્ટીઓ માટે પ્રચારનો સબળ મુદ્દો બની રહેશે. સૈદ્ધાંતિક રીતે મનમોહન વૈદ્યનું નિવેદન ખોટું ન ગણાય. બંધારણે આપેલી અનામત વ્યવસ્થા યાવચ્ચંદ્ર દિવાકરૌ ન જ ગણાય. સૌને સમાન હક અને તક આપતું બંધારણ નબળા વર્ગોને એક નિશ્ચિત સમયગાળા પૂરતી વિશેષ સુવિધા આપે તે સમજી શકાય, પરંતુ કયારેક તો આ વ્યવસ્થાનો અંત આવવો જ જોઈએ, એવું માત્ર મનમોહન વૈદ્ય કે મોહન ભાગવત જ નહીં બલકે દેશના સવર્ણ સમાજનો મોટો હિસ્સો માનતો હશે. હકીકતમાં આ નિવેદન એવા પ્રબુદ્ધ સમાજની જ મનોવેદનાનું પ્રતિબિંબ છે. એવું નિવેદન કરવાની હિંમત કોંગ્રેસ, ભાજપ કે અન્ય કોઈ રાજકીય પાર્ટીઓના નેતાઓ કયારેય નહીં કરી શકે, કારણ કે એમ કરવા જતાં એક મોટા પ્રજાસમૂહનો વિરોધ ઊભો થવાની સંભાવના છે, તેની એમને ખબર છે. ગુજરાતમાં ઓબીસી વર્ગોને અનામત આપવાના મુદ્દે જ કયારેક માધવસિંહ સોલંકી ૧૮૨ પૈકી ૧૪૯ બેઠકો મેળવી શક્યા હતા, અને તે પછી શરૂ થયેલ આંદોલને એમની ખુરશીનો ભોગ લીધો હતો. સવર્ણ સમાજ કરતાં સવિશેષ તો 'હિંદુત્વ'ની વ્યાપક અવધારણાને કારણે ભાજપ આજે રાષ્ટ્રીય સ્તરે સત્તા હાંસલ કરી શકેલ છે અને આ 'હિંદુત્વ' નો જાદુ ઓબીસી અનુસૂચિત જાતિઓ અને જનજાતિઓ - તમામને સ્પર્શે છે. ભાજપને સત્તા સ્થાને પહોંચાડવામાં પાર્ટીની કેડર કરતાં સવાયો ફાળો આરએસએસનો અને એની વિવિધ પાંખોનો રહ્યો છે. વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળ જેવી પાંખો આજે દેશના ખૂણે ખૂણે કાર્યરત છે, જે હિંદુત્વ સમર્થક ન હોય એવી પાર્ટીઓ સામે ઝીંક ઝીલીને ભારતીય જનતા પાર્ટીનાં મૂળિયાં મજબૂત કરી રહી છે. એથી એક તરફ મનમોહન વૈદ્ય જેવા વિચક્ષણ અને વરિષ્ઠ પ્રચારનાક વિધાન સાથે સહમત થવામાં ભાજપ અવઢવ અનુભવશે તો બીજી તરફ એ ગમે તેટલી સ્પષ્ટતા કરશે તો પણ વિપક્ષો માટે આ નિવેદન ચૂંટણીટાણે અનાયાસ મળી ગયેલું દૈવી શસ્ત્ર સાબિત થશે, એમાં શંકાને સ્થાન નથી.

# દુર્લભ બનશે...કેટલાંક પાલતું પ્રાણીઓ

ન સમજાય તેવી એક વાત એ છે કે જે ઝડપે માનવ વસતી વધી રહી છે. તે ઝડપે આ પૃથ્વી પરના વન્ય અને પાલતું પ્રાણીઓની વસતી વધતી જોવા મળતી નથી. પ્રાણીઓની વસતી વધવાની વાત તો બાજુએ મુકીએ પરંતુ તેની ચિંતાજનક હકીકત તો એ છે કે પ્રાણીઓની વસ્તી ઘટી રહી છે.

વર્ષ ૨૦૧૨માં આપણાં દેશના પશુધનની ઓગણીસમી વસતી ગણતરી કરવામાં આવી જેમાં ગૌવંશ, ભેંસ, ઘેંટા, બકરાં, ડુકર, ઘોડા અને પોની, મુલ્સ, ગધેડા, ઊંટ, મિથુન અને યાદ જેવા પાલતું પ્રાણીઓનો સમાવેશ થાય છે. તેમની વસ્તી અગાઉની વસ્તી ગણતરી કરતાં ૩.૩૩ ટકા ઘટી રહી હોવાનું જોવા મળ્યું. તેમાં પણ સ્થાનિક/સ્વદેશી પશુધનનું પ્રમાણ ૮.૯૪ ટકા ઘટી જવા પામેલ છે. આ સામે બહારની કે સંકરણ દૂધ આપતાં ગૌવંશની વસતી ધ્યાનાકર્ષક રીતે ૩૪.૭૮ ટકા જેટલી વધવા પામી છે. આ ગણતરી દરમિયાન બીજી ખાસ વાત એ ધ્યાનમાં આવી કે માદા પશુઓની વસતી વધી રહી છે. તેની સામે નરપશુઓની સંખ્યા ઘટી રહી છે. આ ગણતરી મુજબ આપણાં ગુજરાતના પશુધનની વસ્તી ૧૫.૩૬ ટકા જેટલી વધવા પામી છે. જે દેશના સહુ રાજયોમાં અગ્રક્રમે મુકી શકાય તેમ છે.

ખાસ કરીને માદા ગાય અને ભેંસની વસતી અગાઉની વસ્તી ગણતરી કરતાં અનુક્રમે ૬.૫૨ ટકા તથા ૭.૯૯ ટકા વધવા પામી છે.

આ બધામાં ઘેટાની વસ્તી ૯.૦૭ ટકા, બકરાંની વસ્તી ૩.૮૨ ટકા, ઊંટની વસ્તી ૨૨.૪૧ ટકા, ગધેડાની વસ્તી ૨૭.૨૨ ટકા ઘટી જવા પામેલ છે.

ઘેટાંની વસ્તી ઘટવાના કારણો જોઈએ તો વિચરતી જાતિના લોકો ઘેટાંઓને ચરાવવા માટે ભટકતાં રહેતાં હોય છે. ઘેટાનું દૂધ લોક ઉપયોગમાં સામાન્ય રીતે લેવાતું નથી. તેથી તેમાંથી આર્થિક ઉપાર્જન થવું શક્ય નથી. ઘેટાનું ઉન ગરમ કપડાં માટે ઉપયોગમાં લઈ શકાય પરંતુ હવે ધીરે દીરે સિન્થેટિક ગરમ કપડાંઓના ઉપયોગને કારણે તથા પુરતા પ્રમાણમાં સતત ઉન મળી શકતું ન હોઈ ઘેટાં ઉછેર ખોટનો વ્યવસાય બની ગયો છે. પરિણામ સ્વરૂપે ઘેટાંની વસતી ગટી રહી છે. બકરાઓ માટે પમ આજ વાત લાગુ પડે તેમ છે. બકરીઓનું દૂધ લોક ઉપયોગમાં ચલણમાં નથી તથા બકરાઓનો ખોરાક તરીકે મુખ્ય ઉપયોગ કહી શકાય. છતાં તેનો ઉછેર, જાળવણી હવે કઠીન તથા બિનઉપજાઉ બની રહી છે.

સૂકા અને રણપ્રદેશનું ઉત્તમ વાહન ઊંટ પણ ફક્ત માલ-હેરફેર કે વ્યક્તિગત આવન-જાવન માટે ઉપયોગી બની રહેતું હતું પરંતુ આજના યાંત્રિક યુગમાં અન્ય સુચારું વાહનો સરળતાથી ઉપલબ્ધ બનતાં હોય ત્યારે ઊંટનું પાલન-પોષણ મોંઘું અને અઘરું બની જાય છે અને પરિણામે ઊંટ ઉછેર કે જાળવણી તરફ સેવાયું લક્ષ્ય તેની વસતીના ઘટાડા તરફ દોરી જાય છે.




મુક, મહેનતમાં બેજોડ, બિન ઉપદ્રવી એવા ગધેડા વણઝારા, પ્રજાપતિ કે કુંભાર જાતિના લોકો રાખે છે. આવી જાતિના લોકો ગધેડાંને ઈંટો, રેતી, માટી જેવા સામાન-વહનમાં ઉપયોગમાં લઈ પોતાનો જીવન - નિર્વાહ કરે છે. કુંભારો દ્વારા પાણીના માટલા સિવાયના અન્ય ઘર ઉપયોગી વાસણોનું સ્થાન સ્ટેઈનેશ સ્ટીલ, તાંબા, પિત્તળ, એક્રેલીક, પ્લાસ્ટિક કે કાચના વાસણોએ લઈ લીધું હોઈ. કુંભારોનો ગૃહઉદ્યોગ ભાંગી પડ્યો છે. વાહનોથી મોટા માલ - સામાનનું વહન થવાનું પણ શરૂ થયેલ હોઈ ગધેડા રાખવા હવે પોષાય તેમ નથી. તેનું પરિણામ ગધેડાઓની વસતી ઘટનામાં પરિવર્તન થયેલ છે.

પશુધનના આ આંકડાઓ જોતાં એક તથ્યના નિરાકરણ પર આવી શકાય કે ગાય અને ભેંસ જેવા પ્રાણીઓ કે જે વધુ પ્રમાણમાં દૂધ પૂરું પાડે છે અને આર્થિક રીતે વધુ લાભદાયી બને છે. તેવા પ્રાણીઓની સંખ્યા વધવા પામી છે. બાકીની ઉપર જણાવેલાં ઘેંટા, બકરા, ઊંટ, ગધેડા, આખલા, પાડા કે બળદ જેવા બિન ઉપયોગી કે બિન લાભદાયી પશુધનની વસતી વર્ષો વર્ષ ઘટી રહી છે. આગામી વર્ષોમાં ખાસ કરીને ઊંટ, ગધેડા કે ઘેંટા જેવા પ્રાણીઓ લુપ્ત થાય કે દુર્લભ બને તો નવાઈ જેવું નહિં રહે અને તેઓના આધારે જીવન નિર્વાહ કરતી જાતિઓની હાલત કફોડી બનશે તે નિર્વિવાદ હકીકત છે.

# હે માં છિન્નમસ્તા...અને રક્તની ધારાઓ વહેવા લાગી

ભારતીય ઈતિહાસમાં કામરૂપ પ્રદેશ ખૂબ જ જાણીતો પ્રદેશ છે. પ્રાચીન કાળમાં અહીં રાજા ભીષ્મક રાજય કરતો હતો. આ રાજય એ વખતે વિદર્ભ રાજયથી પણ પ્રસિદ્ધ હતું. અહીંની યુવતિઓ એટલી બધી સુંદર અને મોહક હતી કે ભીષ્મક રાજાની કન્યા રૂકમણિ દેવીનું અપહરયણ કરીને શ્રીકૃષ્ણએ એની સાથે વિવાહ કર્યો હતો. અહિંયા ઓખાના પિતા બાણાસુરે તથા નરકાસૂરે પણ રાજય કર્યું છે. અહીં ઓખાહરણની પ્રસિદ્ધ કથાની ઘટનાઓ આ ધરતી પર ઘટી છે. આવી પ્રાચીનકાળથી ઐતિહાસિક મહત્ત્વ ધરાવતી ભૂમિ એટલે આજનું પૂર્વાંચલ રાજય અસમ. આ રાજયને જાદુ-ટોનાનો પ્રદેશ પણ કહે છે. અહીં તંત્ર-મંત્ર એન જાદુ-ટોનાનું વર્ચસ્વ ઘણા વર્ષો સુધી રહ્યું હતું. અહીં પર્વતોની વચ્ચે સ્થપાયેલ પીઠો-મંદિરો અને દેવી પીઠો કેટકેટલા ઘટનાચક્રોના મૌન દર્શન બની રહ્યા છે.

ગૌહાતી સ્થિત જંગવિખ્યાત શક્તિપીઠ કામાખ્યા દેવીની ધાર્મિક પરંપરાના સંદર્ભે સર્જાયેલી આવી જ એક અલભ્ય ગાથા - શ્રદ્ધા, અંધશ્રદ્ધા, વચ્ચે ફલાયેલી અજ્ઞાન-ગરીબ-નિરક્ષર પ્રજા અને બે વિરોધી વિચારધારાઓ અહિંસા અને હિંસાના સંઘર્ષ વચ્ચે અંધ વિશ્વાસથી ઘેરાયેલા કામરૂપની ગ્રામીણ પ્રજા હિંસાના સંઘર્ષ વચ્ચે અંધ વિશ્વાસથી ઘેરાયેલી કામરૂપની ગ્રામીણ પ્રજા - જનજીવનની સાચી અને સચોટ ગાથા એટલે 'છિન્નમસ્તા.'

ભારતીય જ્ઞાનપીઠ વિજેતા અસમિયા લેખિકા ડૉ. ઈન્દિરા ગોસ્વામીની કલમે સર્જાયેલી આ મહાગાથા શક્તિપીઠ કામાખ્યાની પૃષ્ઠભૂમિ પર ૧૯૨૧ થી ૧૯૩૨ના સમયગાળાની ઘટનાઓ પર આધારિત છે. કામરૂપ - કામાખ્યાનો ઈતિહાસ, ત્યાંની પરંપરાઓ, માન્યતાઓ અને લોકગાથાઓનું ગંભીર અધ્યયન કરીને ઈન્દિરાજીએ વિસ્તૃત ફલક પર અનેક તાદશ્ય-જીવંત ચિત્રો-વર્ણનો દ્વારા 'છિન્નમસ્તા'ને ઐતિહાસિક-અદ્ભૂત-કલાત્મક દસ્તાવેજ બનાવી દીધો છે.

કથાનકની શરુઆત કરવામાં આવી છે. છિન્નમસ્તાના મંદિરના જટાધારી સન્યાસી અને અંગ્રેજ સ્ત્રી ડરથી બ્રાઉનના પ્રસંગથી આ અંગ્રેજી સ્ત્રી કૉટન કૉલેજના અધ્યાપક રોબર્ટ બ્રાઉનની પત્ની છે. આમ અંગ્રેજ ગોરી મેમસાહેબ અને જટાધારી - અઘોર તાંત્રિક જેવો ધૂઆધાર જટાધારી સન્યાસી - ડરથીનો ગૃહત્યાગ, જટાધારીની સાથે રહેવું - બંને વચ્ચે સ્થપાતો અગૂઢ સંબંધ અને ગ્રામીણ - અજ્ઞાન અને અંધશ્રદ્ધામાં ડૂબેલી જનતામાં ચર્ચાતો આ ડરથી - જટાધારીનો આત્મિક - એમાંથી પ્રગટતું ડરથીનું શક્તિ સ્વરૂપ... આ બધું ભાવકોને અદ્ભૂત ભાવસૃષ્ટિમાં જકડી રાખે છે.

કામરૂપ પ્રદેશમાં - કામાખ્યા મંદિરમાં આ સમયે બલિપ્રથા જોરશોરથી ચાલતી હતી. આ બલિને રોકવા - બંધ કરાવવા સન્યાસી અને ડરથી અભિયાન જોર પકડે છે. અનેક પ્રકારે વિરોધ - હુમલો... છતા બંને નીડરતાથી આ સંકટોનો - અફવાઓનો સામનો કરે છે અને જનમત મેળવવા દૂર દૂર સુધી ચાલ્યા જાય છે.

જટાધારી અને ડરતી પછી મહત્ત્વના બે પાત્રો છે મનમોહન પંડાનો પુત્ર રત્નધર જે કુશળ ચિત્રકાર છે. રંગોમાં ભાવોને ભરીને એ આપણા સંવેદનતંત્રને ઝંકૃત કરી દે છે. આ રત્નધરની સાથે ભાવનાત્મક રીતે જોડાયેલી 'વિધિબાલા', આ બંને પાત્રો પણ બલિ પ્રથા વિરોધી છે. વિધિબાલામાં લગ્ન એક પરિણિત - સંતાનો વાળા પ્રૌઢ વ્યક્તિ સાથે નક્કી કરીને એના પિતા સિંહદત્ત પાડાની બલિ ચઢાવવા કામાખ્યા પીઠમાં યજમાન મનમોહન પંડાને ઘેર રોકાય છે અને એ રાત્રે પાડો ગૂમ થઈ જાય છે અને પછી સર્જાય છે હાહાકાર... હજારો વર્ષની બલિ પ્રથા સામે આવેલું વિઘ્ન અને પાડો ગૂમ થવાથી સિંહદતની ગર્જનાના પડઘાઓ, ક્રોધની જવાળાઓ, વિધિબાલાના હૃદયના કંપનો, રત્નઘટનો આક્રોશને વિધિબાલા સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ - બંને પરિવારોમાં સર્જાયેલો વિનાશક ધરતીકંપ..., અને પાસે જ વહેતી બ્રહ્મપુત્રની લહેરોનું કર્ણપ્રિય સંગીત... આ બધું આપણને અદ્ભૂત સૃષ્ટિની અગોચર દુનિયામાં વાસ્તવિકતાના દર્શન કરાવે છે. કયાંક એવું નથી લાગતું કે આપણે પુસ્તક વાંચીએ છીએ. એ જનજીવનમાં ખૂદ આપણે જીવતા હોવાનો અહેસાસ થાય છે. એટલો પ્રભાવ આ મહાગાથાનો છે. છિન્નમસ્તાનો છે.

અહિં લેખિકાએ સામાજિક વાસ્તવિકતાની અભિવ્યક્તિ જેટલી સચોટતાથી કરી છે એટલી જ સચોટતાથી આંતરિક વાસ્તવિકતાની પણ અભિવ્યક્તિ કરી છે. પુલુ ઢોળીનું પાત્ર આપણને દયા ઉપજાવે છે તો સિંહદત્તનું પાત્ર ભલભલાને ધ્રુજાવી દે છે. વિધિબાલા અને રત્નઘરનું મધ્યરાત્રિએ થતું મિલન અને એ વખતના બંનેના આંતરિક મનોભાવોનુંપ્રગટીકરણ, વિધિબાલાની પીડા સાથેની મનોઐક્યતા. સંવેદના અને તાદાત્મયતા ભાવકોની આંખો પણ ભીંજાવી દે છે.




આ મહાગાથા કામરૂપ પ્રદેશનો ઐતિહાસિક દસ્તાવેજ છે. ત્યાં સુધી જનજીવન, ત્યાંની પરંપરા, પ્રથા, શ્રદ્ધા - અંધશ્રદ્ધા, અજ્ઞાન, ગરીબી, ભૂખમરો... અને સાથોસાથ નીલાંચલ પર્વતમાં બિરાજમાન માં કામાખ્યા દેવીની શક્તિપીઠનું પણ ઐતિહાસિક મૂલ્ય અહીં જોવા મળે છે લેખિકાને માત્ર કોઈ સીધી-સાદી અને સાહિત્યિક કૃતિ નથી આપવી પરંતુ બલિપ્રથા જેવી ધાર્મિક પરંપરાના વિરોધનું સત્ય પ્રગટ કરવું છે માં છિન્નમસ્તાના ચરણોમાં દર વર્ષે હજારો પશુ-પક્ષીઓના લોહીની ધારાઓ વહેતી બંધ કરાવવી એ અકલ્પનીય વાત છે. ઈતિહાસ સાક્ષી છે કે ત્યાંના આહોમ રાજા રૂદ્રસિંહ દ્વારા દર વર્ષે દુર્ગા અષ્ટમીના રોજ દસ હજાર પાડાની બલિ ચઢાવવામાં આવતી હતી. આપણે કલ્પના કરી શકીએ છીએ કે દસ હજાર પાડાની બલિ અને એનું લોહી... નદી આખી લોહીથી છલકાઈ જતી હતી અને છાબડીઓ ભરી - ભરીને રક્તપાન કરતાં તાંત્રિકોની આ ભૂમિમાં વશીકરણના મંત્રો અને વિદ્યા આજે પણ જોવા મળે છે.

આ મહાગાથાની સત્યતા માટે લેખિકાએ શાસ્ત્રો, પુરાણો, ધર્મગ્રંથો, ચિંતન, આધ્યાત્મિક, ઈતિહાસ અનેક તર્કવિતર્કોનો સહારો લીધો છે. આ કામાખ્યા પીઠ (ગોહાતી - અસમ) ની પુજાઓ - ઉત્સવો પણ પ્રસિદ્ધ છે. દેવધ્વનિ ઉત્સવ, દુર્ગાપૂજા, લક્ષ્મીપૂજા, કાલી પૂજા, કુમારી પૂજા, પુષ્પાભિષેક, અંબુવાસીઓને મેળો, માનની પૂજા, વાસંતી પૂજા, મદનોત્સવ, શિવરાત્રી, જન્માષ્ટિ, રતન્તીકાલી પૂજા, સરસ્વતી પૂજા, હોલી યાત્રા, આ બધા ઉત્સવો આજે પણ એટલા જ ભક્તિ-ભાવથી ઉજવવામાં આવે છે.

મા કામાખ્યા જયારે રજસ્વલા થાય છે ત્યારે ત્રણ દિવસ આખું મંદિર બંધ રહે છે અને ચોથે દિવસે પૂજા - અભિષેક થયા બાદ મંદિર ખૂલે છે. રજસ્વલા દેવીના રક્તવસ્ત્રોના ટૂકડાઓ કરી મંદિરના પંડાઓ દ્વારા દરેક યજમાનોન ઘેર એ રક્તવર્ણિત વસ્ત્રના ટૂકડાઓ પ્રસાદી રૂપે મોકલવામાં આવે છે. આ વસ્ત્રનો ટૂકડો શરીર પર ધારણ કરવાથી અનેક પ્રકારના લાભ થાય છે. મનની મનોકામના પૂર્ણ થાય છે એવી શ્રદ્ધા આજે પણ પ્રવર્તે છે.

એક તરફ નીલાંચલ પર્વતની રમણિયતા, લીલાછમ વૃક્ષો અને પક્ષીઓનો કલરવ, મંત્રોચ્ચાર ગૂંજતા ધ્વનિઓ, છલોછલ દેહલાલિત્ય ધરાવતી નવયૌવના જેવી વહેતી બ્રહ્મપુત્ર, ધીમા ધીમા સૂર અને લયમાં વહેતી હવાની લહેરખીઓ અને ઉપર આકાશમાં સફેદ રૂના ઢગલાઓ જેવા વાદળોથી ઘેરાયેલી આ કામાખ્યા પીઠની પ્રાકૃતિક સૌંદર્યતા અનુભવતા માટે કદાચ 'અદ્ભૂત' શબ્દ પણ ભાવ વિનાનો લાગે એવા આ ઐશ્વર્ય

અનુસંધાન પાના નં. ૭ પર

# લોઢા, કેપ્ટન કુલ અને વિરાટ કી બલ્લે બલ્લે......!!!

"૨૦૧૭મા અનુષ્કા-વિરાટના મેરેજ થાય કે નાં થાય પણ જો આમ ને આમ સફળ થયા કરશે તો ભારતીય ટેસ્ટ ઈતિહાસનો ત્રીજો સૌથી સફળ કેપ્ટન સાબિત થયા પછી વિરાટના હજુ વધુ વિરાટ થવાના ચાન્સીસ તો છે જ, આઈ મીન વન-ડેની કેપ્ટનશીપ આપવી જોઈએ એવી ચર્ચાઓ તો શરુ થઈ જ ચુકી છે, આમેય હવે ' માહી ' કેટલો સમય ??....'' ૧લી જાન્યુઆરી ૨૦૧૭ના આર્ટીકલ " શું નીકળશે ૨૦૧૭ના પટારામાંથી ?'' માં આવી આશંકા વ્યક્ત કરી ત્યારે આ લખનારને ખબર નહોતી કે આ વાત આટલી જલ્દી સાચી પણ પડશે, જો કે જે રીતે ટેસ્ટટીમની કપ્તાની સંભાળ્યા પછીથી વિરાટનું લક અને બેટ બન્ને જે રીતે ગરજતા હતા એ જોતા આ શક્યતા બહુ જલ્દી સાચી તો પડવાની જ હતી એ નક્કી હતું. જનરલી બીજા દેશોમાં વન-ડે, ટેસ્ટ અને ટી-૨૦ની ટીમના કેપ્ટન્સ અલગઅલગ હોય એવું ચલણ છે પણ હિન્દુસ્તાનમાં એવું બહુ ઓછું જ બન્યું છે અને એમાં પણ ધોનીના સિતારા ઓન અને ઓફ ફિલ્ડ બંને રીતે ગર્દીશમાં ચાલતા હતા..!

ધોનીના વન-ડે અને ટી-૨૦ ટીમની કપ્તાની છોડવાના નિર્ણયની પાછળ વિરાટની સફળતા, ધોનીનો ઓન-ફિલ્ડ ઉતરતો જતો દેખાવની સાથે સાથે મિસ્ટર લોઢા પણ એક અહમ કારણ છે જ. દુનિયા ધોનીની કપ્તાનીની આશિક રહી છે એની ના નહિ પણ કપ્તાનીની સાથે સાથે છેલ્લા થોડા વખતથી ધોનીનો ઉતરતો જતો દેખાવ પણ કારણભૂત છે જ. હર્ષા ભોગલે એ સાચું જ કહ્યું કે "ધોનીની નજરથી વિચારો તો દેખાઈ આવે કે ૨૦૧૯ના વર્લ્ડકપની ટીમનો કેપ્ટન કોહલી જ હોવાનો અને એનું કારણ એક તો કોહલીની ટેસ્ટમાં શાનદાર સફળતા, બીજું ખુદ કોહલીનું શાનદાર પ્રદર્શન અને ત્રીજું કોહલીની આક્રમક કપ્તાની કે જે ટેસ્ટમાં જે રીતે ફળદાયી બની તો ઝાહિર છે કે વન-ડે માં પણ એનો લાભ લેવાનું બોર્ડ વિચારતું જ હોય...આ હિસાબે ચેમ્પિયંસ ટ્રોફીમાં વિરાટને કેપ્ટન બનાવીને બોર્ડ વર્લ્ડકપની નેટ પ્રેક્ટીસ કરવા તૈયાર થઈ ગયું હોય, મતલબ ધોની માટે બન્ને કપ્તાની છોડવા માટેનો આ જ બેસ્ટ અવસર હતો..''

ક્રિકેટ એ પરફોર્મન્સની રમત છે, સતત ફિલ્ડ પર શાનદાર કે પછી સાતત્યસભર દેખાવ જરૂરી છે. ધોની ભારતના મહાન કેપ્ટનોમાનો એક છે એની ના નહિ પણ જેમ લેખની શરૂઆતમાં લખ્યું એમ 'કિતને દિન?'' ક્યારેક ને ક્યારેક તો સ્ટેપ ડાઉન થવાનું જ હતું અને આમેય ૨૦૧૧ના વર્લ્ડકપ પછીથી કોહલી અને ધોનીના દેખાવની તુલના કરો તો આસમાન-જમીનનું અંતર જોવા મળે. ૨૦૧૨-૧૬ વચ્ચે દર વર્ષે ધોનીની એવરેજ નીચે આવતી ગઈ. ૨૦૧૨મા જે એવરેજ ૬૫ ઉપર હતી તે ૨૦૧૬ આવતા આવતા ફક્ત ૨૮ થઈ ગઈ જ્યારે સામે છેડે વિરાટ ૨૦૧૬મા જ ઓલમોસ્ટ ૧૦૦ની એવરેજને (૯૨.૩૭) આંબી ગયો. ઈવન ટી-૨૦મા પણ ૨૦૧૬મ ધોનીની એવરેજ ૪૮ જેવી તો કોહલીની ઓલમોસ્ટ ૧૦૦ ઉપર રહી. ધોનીની કપ્તાનીની એવરેજની સામે ધોની ધ પ્લેયરની એવરેજ નીચે જતી હતી. સાફ દેખાઈ રહ્યું હતું કે ધોનીના હેલીકોપ્ટર શોટની ગતિ ધીમી પડી રહી છે અને ફિનીશરનો એ ટચ ધીરે ધીરે ગાયબ થઈ રહ્યો છે. ધોનીની કોહલી સાથે તુલના કરવાનું કારણ એક જ છે કે જો બધા જ ફોરમેટમાં એક જ કેપ્ટનની સીસ્ટમ ચાલુ રાખવાની હોય તો સ્વાભાવિક છે કે લગન થવાના હોય એના જ ગાણા ગાવા પડે..!!! ધોની ધ પ્લેયર પર પર કદાચ કપ્તાનીનું દબાણ હાવી થતું જતું હતું. જો કે ધોની જેના માટે મશહુર છે એ કેપ્ટન કુલનો નેચર એની પ્લેયર તરીકેની પ્રતિભા પર અસર કરતો હતો. આવા મહાન ખેલાડીના લેખાજોખાનો આધાર ચોક્કસપણે આવા બે-ચાર વર્ષના આંકડાઓ ના જ હોય શકે પણ ધોનીને જો ૨૦૧૯નો વર્લ્ડકપ રમવો હોય તો સ્વાભાવિક છે કે કપ્તાનીનો કાંટાળો તાજ છોડવો જ પડે. વિરાટ એઝ એ ટેસ્ટ કેપ્ટન જો ફેઈલ ગયો હોત તો હજુયે ધોનીને પરત લાવવાની માંગ ઉઠવા પામત પણ જે રીતે કોહલી કપ્તાની હોવા છતાં પણ પ્લેયર તરીકે અને કપ્તાન તરીકે એક પછી એક સફળતાના ઝંડા ફરકાવી રહ્યો હતો એ જોતા ધોનીનો આ નિર્ણય કોઈ બીજા લે એના કરતા ધોની ખુદ જ લે એવો સિનારિયો અને માહોલ અત્યારે જ પરફેક્ટ હતો. અને સરપ્રાઈઝિંગ ડીસીઝન લેવામાં ધોની તો માસ્ટર છે જ ને....!




હેલીકોપ્ટરશોટની ગતિ ધીમી થવા પાછળ ઓન-ફિલ્ડ પ્રદર્શનની સાથે સાથે ઓફ-ફિલ્ડ બનેલી ઘટનાઓનો પણ ફાળો ઘણો હતો એમાંની એક અગત્યની ઘટના કહી શકાય બોર્ડ પ્રમુખ શ્રીનિવાસનનું જવું. સી, શ્રીનિવાસન બોર્ડ પ્રમુખની સાથે સાથે ચેન્નાઈ સુપરકિંગના મલિક પણ હતા કે જે ટીમનો ધોની કેપ્ટન હતો અને વી ઓલ કનો કે શ્રીનીવાસનો રૂતબો બોર્ડમાં એકદમ ભારેખમ હતો. ધોની અને શ્રીનિવાસનનો હૈયામેળ આ બન્ને કારણોથી પણ એકદમ નજીકનો હોય જ. સી, બીજા બધા જ ઓર્ગેનાઈઝેશનમાં થાય છે એમ સ્વાભાવિક છે કે જેની છત્રછાયા હેઠળ તમે ધાર્યું કરાવી શકતા હોવ એના જવાથી અને એની સ્થાને બીજા આવવાથી એ ગોઠવણને ચોક્કસ અસર થાય જ. સવાલ એ નથી કે ધોની ફક્ત શ્રીનિવાસના જોરે ઓછું અને પોતાની કુશાગ્રતાના દમ પર વધુ સફળ થતો હતો પણ હકીકત એ પણ છે કે આઈપીએલ ફિક્સિંગકાંડના છાંટા જો ઈન્ડિયા સિમેન્ટ — ચેન્નાઈ સુપર કિંગ અને શ્રીનિવાસને ઉડતા હોય તો એ છાંટાની બે-ચાર બુંદો ધોની પર પણ ઉડવાની જ. હાલ તો જો કે આખુયે પ્રકરણ ચેન્નાઈ સુપર કિંગ અને રાજસ્થાન રોયલના ટેમ્પરરી સસ્પેન્શન સાથે ઠંડા બકસામાં છે પણ ટાઈમિંગ માટે મશહુર ધોની આટલી નાની વાત ના સમજે એવો કાંઈ નાનો કીકલો તો છે નહિ..!

ભારતીય ક્રિકેટ અત્યારે બદલાવના દોરમાંથી પસાર થઈ રહ્યું છે અને એ માત્ર મેદાન પર નહિ પણ મેદાન બહાર પણ ચર્ચામાં છે. વિશ્વના સૌથી પૈસાદાર ક્રિકેટ બોર્ડ બીસીસીઆઈ અત્યારે લોઢા કમિટીની આમ ક્રિકેટપ્રેમીઓ માટે આવકારદાયક પણ બોર્ડ માટે અઘરી એવી ભલામણોના ચક્વ્યુહમાંથી સહીસલામત બહાર નીકળવાની કોશિશ કરી રહ્યું છે. જીલ્લા કે રાજ્યોના ક્રિકેટ એશોશીયેસનમાં ઘર કરી ગયેલા ક્રિકેટ સાથે નહાવા નીચોવાનો પણ સંબંધ ના હોય એવા લોકોને લીધે ક્રિકેટ અને ઉભરતા ખેલાડીઓને થતા ભેદભાવ અને અન્યાયોની સાથે સાથે લોઢા કમિટીની

અનુસંધાન પાના નં. ૭ પર